ગાંધીનગર સમાચાર

જનધન યોજનાનો વિધિવત આરંભ

દેશભરમાં ૭૬ કેન્દ્રોથી એક સાથે યોજનાની શરૂઆત થઈ

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રાષ્ટ્રીયપ્રધાનમંત્રી જનધન યોજના લોંચ કરી દીધી હતી. આનો શુભારંભ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં કરવામાં આવ્યા બાદ અનેક મુદ્દા ઉપર મોદીએ ભાર મુક્યો હતો. આ ગાળા દરમિયાન વડાપ્રધાન મોદીની સાથે નાણાપ્રધાન અરુણ જેટલી પણ રહ્યા હતા. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, આ યોજનાનો ખુબ મોટો લાભ થશે. તેમણે ઉમેર્યું હતું કે, આજે દેશમાં અનેક રેકોર્ડ સર્જાઈ ગયા છે. મોદીએ દાવો કર્યો હતો કે, એક દિવસમાં ૧.૫ કરોડ લોકોના વિમા હોવાની બાબત તથા બેંક ખાતા ખુલી જવાની બાબત એક અસામાન્ય રેકોર્ડ છે. આ રેકોર્ડથી શાસનમાં બેસેલા લોકોનો આત્મવિશ્વાસ વધશે. દેશભરમાં જનધન યોજના લોંચ કરવામાંઆવ્યા બાદ આને લઇને લોકોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ યોજના હેઠળ બેંક ખાતાઓથી ૧૫ કરોડ લોકોને જોડી દેવાની યોજના છે. સામાન્ય લોકોને નાણાંકીય સેવાઓ સાથે જોડવા માટે હવે દેશમાં દરેક વ્યક્તિની પાસે પોતાના બેંક ખાતા રહેશે. દેશભરમાં ૭૬ કેન્દ્રોથી એક સાથે આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

શુભારંભના દિવસે જ આશરે એક કરોડ બેંક ખાતા ખુલી ગયા હોવાનો અંદાજ છે. દરેક ખાતા ધારકને એક ડિબિટ કાર્ડ, એક લાખ રૂપિયાના દુર્ઘટના વિમા કવર આપવામાં આવ્યા છે. આગળ ચાલીને વિમા અને પેન્શન પેદાશોની હદમાં લાવવામાં આવશે. આ યોજના નાણાકીય સમાવેશ ઉપર એક રાષ્ટ્રીય મિશન છે જેનો ઉદેશ્ય દેશમાં તમામ પરિવારોને બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને દરેક પરિવાર માટે એક બેંક ખાતુ રાખવાનો છે. આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૭.૫ કરોડ પરિવારોને આવરી લેવામાં આવશે. એક બેંક ખાતુ ખુલી ગયા બાદ દરેક પરિવારને બેંકિંગ અને અન્ય સુવિધાઓ મળતી થશે. લોકોને અન્યરીતે પણ લાભ થશે.

મોદીની લહેર : સેંસેક્સમાં સતત છઠ્ઠા સેશનમાં સુધાર

મુંબઈ,તા. ૨૮

શેરબજારમાં આજે સતત છઠ્ઠા દિવસે તેજી જારી રહી હતી. શેરબજારમાં તેજી જારી રહેતા કારોબારીઓ ભારે ખુશખુશાલ દેખાયા હતા. મે મહિનામાં મોટાભાગે સુધારો નોંધાયો હતો. નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદથી શેરબજારમાં સારી સ્થિતિ જોવા મળી રહી છે. મોદી સરકારે અર્થતંત્રને પાટા ઉપર લાવવા અને વિકાસની ગતિને વધારવાની જાહેરાત કરેલી છે. બેંચમાર્ક ઈન્ડેક્સમાં અંતે ઉંચી રેકોર્ડ સપાટી જોવા મળી હતી. સેંસેક્સ કારોબારના અંતે ૭૮ પોઈન્ટ સુધરીને ૨૬૬૩૮ની સપાટીએ રહ્યો હતો. નવેસરથી ઈન્ટ્રાડેની ઉંચી સપાટી જોવા મળી હતી. ઈન્ટ્રાડે દરમિયાન સેંસેક્સ સુધરીને ૨૬૬૭૪ સુધી પહોંચ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૪ બાદથી સાત

મહિનામાં બેંચ માર્ક ઈન્ડેક્સમાં ૨૭ ટકાનો ઉછાળો નોંધાઈ ચુક્યો છે. ૫૦ શેર નિફ્ટીમાં ૧૮ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો જેથી તેની સપાટી ૭૯૫૪ રહી હતી. વૈશ્વિક બજારોએ તેમના જીડીપીના અંદાજમાં સુધારો કર્યો છે. એશિયન બજારોમાં મિશ્ર સ્થિતિ રહી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ હજુ સુધી ૭૭૬૮૪ કરોડની રકમ છેલ્લા સાત મહિનાના ગાળામાં ભારતીય ઈક્વિટીમાં ઠાલવી છે. ૨૬મી ઓગસ્ટ સુધી આ મહિનામાં ૬૪૦૮ કરોડ રૂપિયા ભારતીય ઈક્વિટીમાં વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ઠાલવ્યા છે. ઓગસ્ટ ફ્યુચર એન્ડ ઓપ્શન કોન્ટ્રાક્ટ આજે પૂર્ણ થયા હતા. એશિયન બજારમાં કડાકો બોલાઈ ગયો હતો. નિક્કી શેરમાં ૦.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. હોંગકોંગ બેંચમાર્ક ઈન્ડેક્સમાં બે સપ્તાહની નીચી સપાટી જોવા મળી હતી. બીએસઈ કેપિટલ ગુડ્ઝ, ઓઈલ એન્ડ ગેસ, એફએમજીસી ઈન્ડેક્સમાં એક ટકાનો સુધારો જોવા મળ્યો હતો. જો કે, બીએસઈ રિયાલીટી, આઈટી, મેટલ ઈન્ડેક્સમાં ૧-૨ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. પીએસયુ ઓએમસીમાં સુધારો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સતત પાંચમા દિવસે તેજીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ અને નિફ્ટી નવી ઉંચી સપાટીએ રહ્યા હતા. કારોબારના અંતે સેંસેક્સ ગઈકાલે ૧૧૭પોઈન્ટ ઉછળીને ૨૬૫૬૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૧ પોઈન્ટ ઉછળીને ૭૯૩૬ની સપાટીએ રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં પણ સ્થિતિ જારી રહી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૭ અને ૦.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ મંગળવારના દિવસે ૩૬૫ કરોડની કિંમતના શેરની ખરીદી કરી હતી. શેરબજાર તરફથી જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા જંગી ખરીદી કરવામાં આવી છે.

ઈપીએફઓ હેઠળ ૧૦૦૦ રૂપિયા મહિને પેન્શન મળશે

નવી દિલ્હી,તા. ૨૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ઈપીએફઓ હેઠળ મહિને લઘુત્તમ ૧૦૦૦ પેન્શનની શરૂઆત થવા જઈ રહી છે. કર્મચારી ભવિષ્ય નીધિ યોજના સંગઠન (ઈપીએફઓ)ના તમામ ધારકોને ઓક્ટોબર મહિનાથી ઓછામાં ઓછા એક હજાર રૂપિયા પેન્શન સ્વરુપે મળવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. સરકારે આની સાથે જોડાયેલા જાહેરનામાને જારી કરતા આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. રિટાયર્ડમેન્ટ ફંડ મેનેજર ઈપીએફઓ દ્વારા ચલાવવામાં આવતી સામાજિક સુરક્ષા યોજના માટે ૧૫ હજાર

રૂપિયાની મહત્તમ પગાર મર્યાદા અને એક હજાર રૂપિયાની લઘુત્તમ માસિક પેન્શન સ્કીમ પહેલી સપ્ટેમ્બરથી અમલી બનાશે. કર્મચારીઓની સામાજિક સુરક્ષાને ધ્યાનમાં લઈને ઈપીએફ માટે મહત્તમ પગાર મર્યાદા વધારીને ૧૫૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે. કર્મચારી પેન્શન યોજના ૧૯૯૫(ઈપીએસ-૯૫) હેઠળ લઘુત્તમ પેન્શન ૧૦૦૦ રૂપિયા કરવાથી તાત્કાલિક રીતે ૨૮ લાખ પેન્શન ધારકોને ફાયદો થશે. આવી જ રીતે હાલ ૧૦૦૦ રૂપિયાથી ઓછું પેન્શનની રકમ મળે છે તે લોકોને પણ ફાયદો થશે. આની સાથે સાથે ઈપીએફઓના ધારકો બનવાની યોગ્યતા માટે પગાર મર્યાદાને ૬૫૦૦ રૂપિયા પ્રતિમાસિકથી વધારીને ૧૫૦૦૦ રૂપિયા કરવાથી સંગઠિત ક્ષેત્રના ૫૦ લાખ વધુ કર્મચારીઓને આ યોજના હેઠળ લાવી શકાશે. ઈપીએફઓના સેન્ટ્રલ પ્રોવિડંડ ફંડ કમિશનર એકે જાલને કહ્યું હતું કે, સરકારે પગાર મર્યાદા વધારીને ૧૫૦૦૦ દર મહિને કરવાથી, ઈપીએસ-૯૫ હેઠળ લઘુત્તમ માસિક પેન્શન ૧૦૦૦ રૂપિયા અને કર્મચારીના ઈપીએફ જમાથી જોડાયેલી વિમા યોજના હેઠળ મહત્તમ રકમ ત્રણ લાખ રૂપિયા કરવા માટેનું જાહેરનામુ જારી કરવામાં આવ્યું હતું. આની ખુબ જ ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી. સરકારના નિર્ણયથી ખુબ મોટો ફાયદો થશે. ઈપીએફઓના ધારકોને જુદી જુદી રાહતો મળશે. જાલને કહ્યું હતું કે, હવે ઈડીએલઆઈ હેઠળ મહત્તમ વિમા રકમ ૩.૬ લાખ થઈ જશે જેમાં જાહેરનામા મુજબ નક્કી કરાયેલ રકમ પર ૨૦ ટકાના લાભ પણ સામેલ છે. આનો મતલબ એ થયો કે, જો ઈપીએફઓ ધારકની મોત થાય છે તો તેના પરિવારને હાલ મળતી ૧.૫૬ લાખની રકમના બદલે ૩.૬ લાખ મળશે.

યુપી પેટાચૂંટણી : આદિત્યનાથ ભાજપના સ્ટાર પ્રચારક રહેશે

લખનૌ, તા. ૨૮

ભારતીય જનતા પાર્ટીના સાંસદ યોગી આદિત્યનાથ આગામી મહિને સપ્ટેમ્બરમાં યોજાનાર ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણી માટે પક્ષના સ્ટાર પ્રચારક તરીકે રહેશે. આજે અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. કેન્દ્રિય પ્રધાન કાલરાજ મિશ્રાની સાથે ગોરખપુરમાંથી ભાજપના સાંસદ અને પક્ષના રાજ્ય એકમના પ્રમુખ લક્ષ્મીકાંત વાજપેયી દ્વારા આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજકીયરીતે સંવેદનશીલ ગણાતા રાજ્યમાં ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરવા યોગી આદિત્યનાથ તૈયાર થયા છે. યોગી આદિત્યનાથ હિન્દુત્વની તેમની છાપ માટે જાણીતા રહ્યા છે. તેઓ હાલમાં તેમના સમર્થકોને સંબોધતા એક વિડિયોમાં કેદ થઈ ગયા હતા જેમાં તેમણે કહ્યું હતું કે, જો એક સમુદાયના સભ્યો એક યુવતીને તેમના સમુદાયમાં મેળવી લેશે તો તેમના સમુદાયની ઓછામાં ૧૦૦ યુવતીઓને ધર્માંતરણ કરાવવામાં આવે તે જરૂરી છે. ગયા મહિને ગોરખપુરના સાંસદ ભારે વિવાદમાં ફસાઈ ગયા હતા. તે વખતે તેઓ ચર્ચામાં રહ્યા હતા. સંસદમાં કોમવાદી બિલ ઉપર ચર્ચા દરમિયાન વિવાદમાં રહ્યા હતા. ભાજપના

આક્રમક નેતાએ પાકિસ્તાનના ઈશારે કામ કરવાનો તેમના ઉપર આક્ષેપ કર્યો હતો. રસપ્રદ બાબત એ છે કે, આદિત્યનાથને એવા સમયે ચૂંટણી પ્રચારક બનાવવામાં આવ્યા છે જ્યારે ઉત્તરપ્રદેશમાં કોમવાદી હિંસા હાલમાં જ જોવા મળી હતી. રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં કોમવાદી હિંસામાં શ્રેણીબદ્ધ બનાવો બની ચુક્યા છે. લવ જેહાદનો મુદ્દો ભારે ચર્ચા જગાવી રહ્યો હતો. સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી ઉત્તરપ્રદેશમાં કોમવાદી હિંસા ફેલાવવાનો ભાજપ ઉપર આક્ષેપ કરી રહ્યા છે. ભાજપે નોઈડામાંથી ૬૨ વર્ષીય વિમલાને મેદાનમાં ઉતાર્યા છે જ્યારે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ રાજેન્દ્ર અવાના અને રાજન શર્માને મેદાનમાં ઉતાર્યા છે. માયાવતીની બહુજન સમાજ પાર્ટીએ ઉત્તરપ્રદેશમાં લોકસભાની એક અને વિધાનસભાની ૧૧ બેઠકોની પેટાચૂંટણી માટે કોઈ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા નથી.

સમાજ ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

કોઈ તેમની શ્વાન સેવાને બિરદાવતું, તો કોઈ તેમના ગાંડપણ પર હસી લેતું પણ બાબુલાલની મસ્તી કંઈક અલગ પ્રકારની હતી. તેમની સેવાઓ પ્રકાર કંઈક દુખિયારા, નોંધારા, અબોલ પશુ પંખી કે પ્રાણીઓની સેવા કરવામાં મને આનંદ આવે છે તેવો આનંદ ભગવાનના દર્શન કરવામાં પણ નથી આવતો. યાત્રાનું પુણ્ય કમાવા કરતાં મુંગા પશુની સેવા કરવાનું પુણ્ય મળે તે અમૂલ્ય છે. કુદરતે તેની નોંધ લેવી જ પડે. શ્વાસ સેવા કરવામાં તેમને ઘણા કડવા અનુભવ લોકો તરફથી થયા પણ આનાં રોંદણાં કદી રડતા નથી એમને માટે તો એ ભલા ને એમના કૂતરા ભલા. તેમણે આ સત્કાર્યમાં તેમના પત્ની શારદાબેન પણ સહયોગ આપે છે. ગામમાં તો સૌ તેમને 'બાબુભાઈ કુતરાવાળા' તરીકે ઓળખે છે. બાબુભાઈ સૌને વિનંતી કરે છે કે સૌ કોઈ મંદિરોની તરબતર તિજોરીમાં દાન કરવાને બદલે આવા અબોલ પશુ, પ્રાણીઓની સેવામાં ધન વાપરશો તો તમારું દાન લેખે લાગશે.

તેમણી ઈચ્છા છે કે ગાંધીનગરમાં કોઈ જગ્યાએ નાનકડું ઝૂંપડું બાંધવાની જગ્યા મળે તો ત્યાં કૂતરાઓને રાખી તેમની સગવડતા સાચવી શકાય. તેમના રહેવા, જમવાની તથા દવાની પણ વ્યવસ્થા દાતાઓ તરફથી મળી શકે. મારી નિવૃત્તિ મેં કૂતરાઓને સમર્પિત કરી છે. આ બધો ખર્ચ તેઓ પોતાના પેન્શનમાંથી જ કરે છે. કોઈ વાર કોઈ દાન મળે તો તે કૂતરાની સેવામાં જ વપરાય છે. પોતાના બાળકોના દૂધની ચિંતા કર્યા વગર કૂતરા માટે દૂધની વ્યવસ્થા કરનાર બાબુલાલ એક અજબ પ્રકૃતિના માનવી છે ને? આને ધૂન કહેશો, પાગલપન કહેશો, સત્કાર્ય કહેશો, એ તો સૌની વિચારસરણી પર અવલંબિત છે.

આસામના કુલ ૧૬ જિલ્લામાં પુરના લીધે પ્રતિકુળ અસર

ગુવાહાટી,તા. ૨૮

આસામમાં પુરની સ્થિતી ગંભીર બનેલી છે. પુરના કારણે હજુ સુધી ઓછામાં ઓછા નવ લોકોના મોત થઈ ચુક્યા છે. સાથે સાથે ૧૨ લાખ લોકોને માઠી અસર થઈ છે. આસામમાં ૧૬ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. પ્રદેશમાં ભારે વરસાદના લીધે આ સ્થિતી સર્જાઈ છે. છેલ્લા થોડાક દિવસમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જે નવ લોકોના મોત થયા છે તે પૈકી લખીમપુર જિલ્લામાં ચાર લોકોના મોત થયા છે જ્યારે ધેમાજીમાં ત્રણ અને મોરીગાવમાં એકનુ મોત થયું છે. પુરની વિકટ સ્થિતી સર્જાઈ ગયા બાદ ૨૧૨ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. જ્યા ૧.૬૩ લાખ લોકોને રહેવાની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પશુની કોઈ ખુવારી થઈ નથી.

પુરના કારણે જે જિલ્લામાં અસર થઈ છે તેમાં બારપેટા, ધેમાજી, ડિબરૂગઢ, જોરહાત, લખીમપુર,

મોરીગાવ, કામરૂપ, નાગાવ, સોનિતપુર, ગોલાઘાટ, ઉદલગુડી અને ગોલપારાનો સમાવેશ થાય છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના કહેવા મુજબ ૧૨ લાખ લોકોને માઠી અસર થઈ છે.ધેમાજી જિલ્લામાં સૌથી વદુ ૩૨૦૮૯૩ લોકોને અસર થઈ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કેચાર રેવેન્યુ સર્કલમાં ૭૧૮ ગામોને પુરના કારણે અસર થઈ છે. પુરના પાણીના લીધે ધેમાજી જિલ્લામાં ૪૩૮૪૩ હેક્ટર પાક ભૂમિને નુકસાન થયું છે. અહી ૬૯ રાહત કેમ્પમાં ૪૭૭૨૮ લોકોને રાખવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈએ ગઈકાલે ધેમાજી અને અન્ય અસરગ્રસ્ત જિલ્લામાં હવાઈ નિરીક્ષણ કર્યુ હતું. ગોગોઈએ કહ્યું હતું કે, તમામ પ્રકારની મદદ આપવામાં આવશે. ભેમાજી અને લખીમપુરમાં લેવામાં આવેલા પગલાઓની મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. શક્ય તેટલી વહેલી તકે રાહત અને પુનઃવસવાટના પગલા લેવા સંબંધિત વિભાગો અને ડેપ્યુટી કમિશનરોને ગોગોઈએ આદેશ આપ્યો હતો. પાણીમાં રહેલી સ્કુલોને વૈકલ્પિક સ્થળોએ ખસેડીને અભ્યાસક્રમને આગલ વધારવાની મુખ્યમંત્રીએ વહીવટી તંત્રને સૂચના આપી હતી. તમામ મોટી નદીઓમાં પાણીની સપાટી હાલમાં સતત વધી છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા મુજબ, બ્રહ્મપુત્ર નદી અનેક જગ્યા ઉપર ભયજનક સપાટીથી ઉપર છે જેમાં નેમાતીઘાટ (જોરહાટ), ગુહાટી, તેજપુર અને ગોલપારાનો સમાવેશ થાય છે. અન્ય નદીઓ પણ જુદા-જુદા વિસ્તારમાં ભયજનક સપાટીથી ઉપર છે.

આમીર ખાનના શો સત્યમેવ જયતે ૨૧મીથી શરૂ

મુંબઈ,તા. ૨૮

બોલિવુડના સુપરસ્ટાર આમીરખાનના લોકપ્રિય ટીવી ટોક શો સત્યમેવ જયતેની ફરી જોરદાર રીતે શરડઆત થવા જઈ રહી છે. સ્ટાર પ્લસ પર ૨૧મી સપ્ટેમ્બરથી આ શો રજૂ કરવામાં આવશે. આ શોના અગાઉના એપિસોડ કરતા આમાં કેટલીક નવી ચીજો ઉમેરવામાં આવી છે. જેના ભાગરૂપે સમાજના જુદા જુદા વિષય પર એપિસોડ દરમિયાન ટોચની સેલિબ્રીટી પણ તેમના અભિપ્રાય રજૂ કરશે. આ વખતે દિપિકા, પરિણિતી અને કંગના તેમના અભિપ્રાય રજૂ કરશે. પ્રથમ બે સિઝનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યા બાદ આમીર ખાન ત્રીજા શોમાં ભાગ લેવા માટે ઉત્સુક છે. સત્યમેવ જયતે ટોક શોમાં સમનાજના સંવેદનશીલ વિષય પર માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે આ મામલાનો ઉકેલ શુ છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આમીરખાન આ શોના

ભાગરૂપે લોકો સાથે લાઈવ કનેક્શનમાં રહે છે. ટ્વીટર અને ફેસબુક જેવા નવી પેઢીના સોસિયલ મિડિયાના પ્લેટ ફોર્મ પર ખાસ ચર્ચા રહેશે. અગાઉની જેમ જ આ વખતે સેલિબ્રિટી પણ ચર્ચા કરતા દેખાશે. સત્યેમવ જયતેની ત્રીજી એડિશનની જાહેરાત કરવા માટે પત્રકાર પરિષદનુ આયોજન કરવામાં આવ્યું હતુ. કેટલાક એપિસોડ માટે આ વખતે ટોપના કલાકારોને રોકવામાં આવ્યા છે. તેઓ સેલિબ્રીટી છે તે કારણસર તેમને શોમાં લાવવામાં આવી રહ્યા નથી બલ્કે વિષયને લઈને તેમની ગણતરી કરવામાં આવી રહી છે. આમીરખાને કંગના રાણાવત, દિપિકા અને પરિણિતી ચોપડાને આમંત્રણ આપ્યું હોવાનુ જાણવા મળ્યું છે. આમીરના આ સોની પહેલા પણ રાહ જોવામાં આવતી હતી આ વખતે પણ તે સ્ટાર પ્લસ પર છવાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

હેરાલ્ડ કેસ : સોનિયા, રાહુલ સામે સુનાવણી ૯ ડિસેમ્બરે

નવીદિલ્હી, તા. ૨૮

સનસનાટીપૂર્ણ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે સુનાવણી ૯મી ડિસેમ્બરે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. દિલ્હી કોર્ટે ૯મી ડિસેમ્બરે સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કરતા કામચલાઉ રાહત થઈ છે. આ ફરિયાદ કેસમાં કોર્ટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યોને સમન્સ આપ્યા હતા. નેશનલ હેરાલ્ડ અખબારને મેળવી લેવાના મુદ્દા ઉપર તેમની સામે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ગોમતી મનોચાએ આ મામલાની ચૂંટણી મોકૂફ કરી હતી. સોનિયા ગાંધી અને અન્યો તરફથી ઉપસ્થિત રહેલા વકીલે કોર્ટમાં માહિતી આપી હતી કે, દિલ્હી હાઈકોર્ટે ત્રીજી સપ્ટેમ્બર સુધી ટ્રાયલ કોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેલી ફોજદારી કાર્યવાહી ઉપર સ્ટે મુક્યો છે. આ મામલામાં ફરિયાદ કેસ ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન સ્વામીએ કોર્ટને માહિતી આપી હતી કે, હાઈકોર્ટે સમગ્ર મામલાની નોંધ લીધેલી છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ રમેશ ગુપ્તાએ સુબ્રમણ્યમ સ્વામીની દલીલ સામે રજૂઆત કરી હતી કે, ગૃહમંત્રાલય મારફતે આ સમન્સ જારી કરવામાં આવ્યા હતા જેથી આ મામલામાં વધુ ધ્યાન આપવાની જરૂર છે. નેશનલ હેરાલ્ડ અખબારને મેળવી લેવા સાથે સંબંધિત મામલામાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સુનાવણી દરમિયાન સ્વામીએ માહિતી આપી હતી કે, આરોપી શામ પિત્રોડા સામે સમન્સ જારી કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસ અને એનસીપીનો પરાજય થશે : શિવસેના

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠકોની વહેંચણીના સંદર્ભમાં ચાલી રહેલી વાતચીત અંગે ટિકા કરતા શિવસેનાએ આજે કહ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં બંને પક્ષોની કારમી હાર નિશ્ચિત દેખાઈ રહી છે. શિવસેનાના મુખપત્ર સામનામાં તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે, બંને પક્ષો આગામી ચૂંટણી માટે બેઠકોની વહેંચણી મામલે લડી રહ્યા છે. બંને પક્ષો વચ્ચે ભારે ખેંચતાણની સ્થિતિ છે. તેઓ ગઠબંધન વગર ચૂંટણી જીતી શકે છે તેવી વાત થઈ રહી છે પરંતુ હકીકતમાં તેમની હાર નિશ્ચિત દેખાઈ રહી છે. સાથે મળીને ચૂંટણી લડશે તો પણ તેમની હાર થશે. આમા જણાવવામાં આવ્યું છે કે, બંને પક્ષો વચ્ચે ખેંચતાણ ખુબ વધારે છે. શિવસેનાનું કહેવું છે કે, કોંગ્રેસ અને એનસીપીના નેતાઓમાં આત્મવિશ્વાસ દેખાઈ રહ્યો નથી. એકબીજા ઉપર આક્ષેપમાં લાગેલા છે. ફરી એકવાર હારનો સ્વાદ ચાખવો પડશે. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ વધુ એક હારનો સ્વાદ આ બંનેને ચાખવો પડશે. પૃથ્વીરાજ, માણેકરાવ, નારાયણ રાણે અને અન્ય નેતાઓ દ્વારા જુદી જુદી ગણતરી થઈ રહી છે.

સમાચાર ઝલક

- વર્ષમાં ગમે ત્યારે સબસીડીવાળા ૧૨ સિલિન્ડર મળશે : ગૃહિણીઓ આનંદો.
- ડી.એલ.એફ.ને સુપ્રિમ કોર્ટે રૂ. ૬૩૦ કરોડનો દંડ ફટકાર્યો.
- રતલામની પલક ૮ વર્ષની ઉંમરથી લખે છે અંગ્રેજીમાં રામાયણ.
- ફિલ્મ અભિનેત્રી માધુરી વધુ કેટલીક મોટી ફિલ્મો કરવા ઈચ્છુક છે.
- ગુજરાતના ઈ.વી.એમ. મશીનો જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાશે.
- અંકલેશ્વર ગેસ ગળતરથી નાસભાગ.
- સાંઈ મૂર્તિ હટાવવાના મુદ્દે આજે વલસાડ બંધનું એલાન.
- આવકવેરા રીકવરી માટે આક્રમક અભિયાન આદરવા અધિકારીઓની તૈયારી.
- બળતણ ખૂટી પડતાં 'નાસા'નો સેટેલાઈટ ટૂંકમાં તૂટી પડશે.
- ફિલ્મ અભિનેતા રણવીરસિંઘ શુટીંગ માટે પોરબંદરમાં.
- ૨૪ પોલીસનો હત્યારો ઝારખંડનો માઓવાદી મુંદ્રા (કચ્છ)માંથી ઝડપાયો.
- 'સ્માર્ટ સીટી' પ્રોજેક્ટ માટે ૩૫૦૦૦ કરોડની જોગવાઈ થશે.
- ગાઝાની લડાઈ પુરી. હમાસ વિજયી, પેલેસ્ટાઈનમાં વિજયોત્સવ.
- બેંક લોન-ડિફોલ્ટર્સ સામેના કાનૂન વધુ કડક અને અસરકારક બનશે.
- આજથી તરણેતરના ૪ દિવસીય લોકમેળાનો પ્રારંભ.
- આજે ગણેશ ચતુર્થી-સંવત્સરી મનાવાશે.